**Media Release**

# ઈડીઆઈઆઈ અને એનટીપીસીએ ઉદ્યોગસાહસિકતા દ્વારા મહિલા સશક્તિકરણ માટે હાથ મિલાવ્યાં

**અમદાવાદ, 12 ઓગસ્ટ, 2023**: ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય (ઈડીઆઈઆઈ)ની માન્યતા ધરાવાત સેન્ટર ઓફ એક્સલન્સ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈઆઈ)એ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ (એનટીપીસી)ના સીએસઆર વિભાગ સાથે શુક્રવારે મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (એમઓએ) ઉપર હસ્તાક્ષર કર્યાં છે.

આ એમઓએ અંતર્ગત ઈડીઆઈઆઈ એનટીપીસી નોઈડાના આસપાસના વિસ્તારોમાં વંચિત મહિલાઓને નવી એન્ટરપ્રાઇઝની રચના કરવામાં સહયોગ કરશે. વધુમાં ઈડીઆઈઆઈ વંચિત મહિલાઓના લાભાર્થે કોલ્ડ કોમ્પ્રેસ્ડ ઓઈલ યુનિટની સ્થાપના પણ સુનિશ્ચિત કરશે. સહભાગી મહિલાઓને યોગ્ય તાલીમ અને માર્ગદર્શન દ્વારા આ પહેલને મજબૂત કરાશે.

એનટીપીસીએ તેની સીએસઆર પહેલ અંતર્ગત મહિલાઓને સશક્ત કરવા તથા તેમને ઉદ્યોગસાહસિક અને આત્મનિર્ભર બનાવવાની પ્રવૃત્તિના ભાગરૂપે આ પહેલ કરી છે. સ્વ-સહાય જૂથની કુલ 30 મહિલાઓને એક વર્ષના સમયગાળામાં સ્વતંત્ર અને સશક્ત કરાશે.

એક્સેંચર, એચએસબીસી, ટાટા કમ્યુનિકેશન્સ, એમેઝોન ઈન્ડિયા, ફેસબુક, ઓએનજીસી, બેયર, એચસીએલ વગેરે જેવાં કોર્પોરેટ હાઉસની સીએસઆર પહેલો માટે ઈડીઆઈઆઈ મહિલા ઉદ્યોગસાહસિકતા અને સશક્તિકરણના ઘણાં પ્રોગ્રામ લાગુ કરે છે. અત્યાર સુધીમાં સેન્સિટાઈઝેશન પ્રોગ્રામ, આંત્રપ્રિન્યોરશીપ ક્ષમતા નિર્માણ પ્રોગ્રામ, ડોમેન અને સ્કિલ ટ્રેનિંગ, નેટવર્કિંગ અને માર્કેટિંગ એક્સપોઝર, માર્ગદર્શન અને સહયોગ દ્વારા ઈન્સ્ટિટ્યૂટ દેશભરમાં 39,142 મહિલાઓ સુધી પહોંચી છે.

## About Entrepreneurship Development Institute of India (EDII)

The Entrepreneurship Development Institute of India (EDII), Ahmedabad was set up in 1983 as an autonomous and not-for-profit Institute with support of apex financial institutions - the IDBI Bank Ltd., IFCI Ltd., ICICI Bank Ltd. and State Bank of India (SBI). The Government of Gujarat pledged twenty-three acres of land on which stands the majestic and sprawling EDII Campus. EDII has been recognized as the CENTRE OF EXCELLENCE by the Ministry of Skill Development and Entrepreneurship, Govt. of India. The Institute has also been listed as the Institute of National Importance by the Education Department, Govt. of Gujarat. For more information visit: www.ediindia.org

**For more information, contact:**

Nirupam Banerjee, Adfactors PR: 9825984727
Hiral Oza, Adfactors PR: 7043901987